Accredited Grade "A" by NAAC (3rd Cycle)

# SAURASHTRA UNIVERSITY

**Exam Section-1**

University Campus, University Road, Rajkot – 360005

Phone No.: (0281) 2576511 Ext. No. 737-736 / FAX No.: (0281) 2586411

E-mail Id: exam01@sauuni.ac.in

ક્રમાંક: પરીક્ષા/૧/ ૨૪૭/૨૦૨૦ તા. ૧૩/૧૧/૨૦૨૦

## પરિપત્ર:-

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન આર્ટસ, કોમર્સ, સાયન્સ, લો, એજ્યુકેશન વિદ્યાશાખાનાં આચાર્યશ્રી / ભવનોના અધ્યક્ષશ્રી / માન્ય અનુસ્નાતક કેન્દ્રોનાં અધ્યક્ષશ્રીઓને આથી જણાવવામાં આવે છે કે એકેડેમિક કેલેન્ડરને ધ્યાને લેતા તા. ૨૬/૧૨/૨૦૨૦ થી પીજી સેમ-3 અને સેમ-૫ ની નીચેની યાદી પ્રમાણે શરુ થનાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓના આવેદનપત્રો ભરવાની/ જમા કરાવવાની તથા પરીક્ષા ફી સાથેની યાદી જાહેર કરવામાં આવે છે, સદર પરિપત્ર મુજબની ઓનલાઈન ફોર્મ ભરવા અંગેની કાર્યવાહી કોલેજ / સંસ્થા દ્વારા પોતાના લોગીનમાં મારફત પૂર્ણ કરીને ફી મેમો તેમજ ભરેલા પરીક્ષા ફોર્મની યાદી sufeememo@sauuni.ac.in પર મોકલી આપવા જણાવવામાં આવે છે.

| SR NO | NAME OF EXAM | SEM | Exam Fee | START DATE | END DATE | Tentative Date for Exam |
|---|---|---|---|---|---|---|
| 01 | BCA (2016/2019) | 3 | 720 | 17/11/2020 | 30/11/2020 | 26/12/2020 |
| 02 | BPA (2016/2019) | 3 | 470 | 17/11/2020 | 30/11/2020 | 26/12/2020 |
| 03 | BRS (2016/2019) | 3 | 220 | 17/11/2020 | 30/11/2020 | 26/12/2020 |
| 04 | BSC (IT) (2016/2019) | 3 | 770 | 17/11/2020 | 30/11/2020 | 26/12/2020 |
| 05 | BSW (2016/2019) | 3 | 420 | 17/11/2020 | 30/11/2020 | 26/12/2020 |
| 06 | MSC (APPLIED PHY) | 3 | 620 | 17/11/2020 | 30/11/2020 | 26/12/2020 |
| 07 | BA (2016/2019) | 3 | 220 | 17/11/2020 | 30/11/2020 | 26/12/2020 |
| 08 | BA (GEO) (2016/2019) | 3 | 270 | 17/11/2020 | 30/11/2020 | 26/12/2020 |
| 09 | BCOM (2016/2019) | 3 | 220 | 17/11/2020 | 30/11/2020 | 26/12/2020 |
| 10 | BCOM (COMP.SCI) (2016/2019) | 3 | 270 | 17/11/2020 | 30/11/2020 | 26/12/2020 |
| 11 | BBA (2016/2019) | 3 | 320 | 17/11/2020 | 30/11/2020 | 26/12/2020 |
| 12 | BSC (2016/2019) | 3 | 270 | 17/11/2020 | 30/11/2020 | 26/12/2020 |
| 13 | BSC (HS) (2016/2019) | 3 | 370 | 17/11/2020 | 30/11/2020 | 26/12/2020 |
| 14 | BA (LLB) (2016) | 9 & 7 | 250 | 17/11/2020 | 30/11/2020 | 26/12/2020 |
| 15 | BHTM (2016) | 3 | 1570 | 17/11/2020 | 30/11/2020 | 26/12/2020 |
| 16 | LLB (2016/2019) | 3 | 270 | 17/11/2020 | 30/11/2020 | 26/12/2020 |
| 17 | MBA (2016/2019) | 3 | 670 | 17/11/2020 | 30/11/2020 | 26/12/2020 |
| 18 | MPA (2016/2019) | 3 | 620 | 17/11/2020 | 30/11/2020 | 26/12/2020 |
| 19 | MRS (2016/2019) | 3 | 270 | 17/11/2020 | 30/11/2020 | 26/12/2020 |
| 20 | MCA (2016) | 3 | 720 | 17/11/2020 | 30/11/2020 | 26/12/2020 |
| 21 | MSC (HS) (2016) | 3 | 370 | 17/11/2020 | 30/11/2020 | 26/12/2020 |
| 22 | LLM (HR) (2016/2019) | 3 | 320 | 17/11/2020 | 30/11/2020 | 26/12/2020 |
| 23 | LLM (2019) | 3 | 320 | 17/11/2020 | 30/11/2020 | 26/12/2020 |
| 24 | MSC (ECI) (2016) | 5 & 3 | 620 | 17/11/2020 | 30/11/2020 | 26/12/2020 |
| 25 | BED | 3 | 300 | 17/11/2020 | 30/11/2020 | 26/12/2020 |
| 26 | BED (ENG) | 3 | 300 | 17/11/2020 | 30/11/2020 | 26/12/2020 |
| 27 | BED (BASIC) | 3 | 300 | 17/11/2020 | 30/11/2020 | 26/12/2020 |
| 28 | MPED | 3 | 1270 | 17/11/2020 | 30/11/2020 | 26/12/2020 |
| 29 | MBA (B & F) | 3 | 1000 | 17/11/2020 | 30/11/2020 | 26/12/2020 |
| 30 | MLW | 3 | 670 | 17/11/2020 | 30/11/2020 | 26/12/2020 |

Accredited Grade "A" by NAAC (3rd Cycle)

# SAURASHTRA UNIVERSITY

**Exam Section-1**

University Campus, University Road, Rajkot – 360005

Phone No.: (0281) 2576511 Ext. No. 737-736 / FAX No.: (0281) 2586411

E-mail Id: exam01@sauuni.ac.in

૧. ઉપરોક્ત પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓએ ગત સેમેસ્ટરમાં જો પરીક્ષા ફી ભરીને મેરીટ બેઝડ પ્રમોશનથી પરિણામ મળેલ હોય તો તેવા જ વિદ્યાર્થીઓને સરકારશ્રીના આદેશ અનુસારના પરિપત્ર મુજબના પરીક્ષા ફી આ સેમેસ્ટરમાં મજરે આપવાની થાય છે, જેમ કે ઉપર પત્રકમાં લાગુ પડતી પરીક્ષા ફી લેવાની રહેતી નથી તથા જો લેટ ફી કે પેનલ્ટી ફી થવા પામે તો તે ફી લેવાની રેહશે.

૨. કોલેજોને પરીક્ષા ફોર્મની એન્ટ્રી માટે યુનિવર્સિટી દ્વારા ફાળવવામાં આવેલ યુઝર આઈ.ડી. (કોલેજ કોડ) તથા પાસવર્ડનો ઉપયોગ કરવાનો રહેશે. જો કોઈ તકલીફ જણાય તો પરીક્ષા વિભાગ-૧ (૦૨૮૧-૨૫૭૬૫૧૧) (એક્સ્ટેન્શન નંબર ૭૩૬, ૭૩૭, ૭૩૮) પર સંપર્ક કરવો.

૩. કોલેજ/સંસ્થા દ્વારા ઓનલાઈન આવેદન પત્ર ભરતા સમયે વિદ્યાર્થીનાં વિષય તથા અન્ય (જેમ કે વિદ્યાર્થીના નામ, વિષય, ફોટા, એનરોલમેન્ટ નંબર) તમામ પ્રકારની ચકાસણી કરી લેવી જેથી બાદમાં સુધારા વધારા કરવા માટેની કોઈ કાર્યવાહી કરવી પડે નહિ જેની તકેદારી લેવી તેના કારણે કે અન્ય કોઈ બાબતમાં ક્ષતિ જણાશે તો તે અંગે જે તે કોલેજ/સંસ્થા જવાબદાર રહેશે. તેમાં યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિ.

૪. ઉપરોક્ત પરીક્ષાઓ માટે ઓનલાઈન પરીક્ષા ફોર્મ કોલેજ/સંસ્થા પોતાના લોગીન મારફતે વેબસાઈટ પર ભરવાના રહેશે. આપની સંસ્થામાં આગામી પરીક્ષાઓમાં બેસનાર અભ્યાસક્રમ - સેમેસ્ટર દીઠ રેગ્યુલર – રીપીટર દીઠ વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે વિગતો ઓનલાઈન ભરી, ફી મેમો જનરેટ કરી ઓનલાઈન ફી પેમેન્ટ કરવાનું રહેશે.

૫. જે વિદ્યાર્થીઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની થિયરી (Theory) પરીક્ષા પાસ કરેલ હોય પરંતુ માત્ર આંતરિક (Internal) પરીક્ષા જ પાસ કરવાની બાકી હોય તેવા વિદ્યાર્થીઓએ પણ સંબંધિત સેમેસ્ટરના પરીક્ષા ફોર્મ અચૂક ભરવાના રહેશે તેમજ જે તે કોલેજ દ્વારા તે રીપીટર વિદ્યાર્થીઓની આંતરિક પરીક્ષા લઈને યુનિવર્સિટીને નિયત તારીખ સુધીમાં આંતરિક ગુણ મોકલી આપવાના રહેશે. યુનિવર્સિટીની પરીક્ષા શરુ થયા બાદ આવા કોઈપણ ફોર્મ સ્વીકારી શકાશે નહિ જેની નોંધ ખાસ નોંધ લેવી.

૬. આર્ટસ, કોમર્સ વિદ્યાશાખાના જે વિષયોમાં યુનિવર્સિટી દ્વારા પ્રાયોગિક પરીક્ષાની ફી લેવામાં આવતી હોય તે વિષયો માટે યુનિવર્સિટી દ્વારા નિયત કરેલી ફી લેવાની રહેશે.

૭. યુનિવર્સિટી વેબસાઈટમાં ઓનલાઈન એન્ટ્રી નિયત તારીખ સુધીમાં કરી ફી મેમો અંગેની યાદી તેમજ ઓનલાઈન ભરાયેલ વિદ્યાર્થીની યાદીની પ્રિન્ટ ઉપરોક્ત દર્શાવેલ ઈ-મેઈલ મારફત યુનિવર્સિટી કાર્યાલયમાં છેલ્લી તારીખ ઉપરાંત ત્રણ (૩) દિવસ સુધીમાં મળી જાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે. દરેક અભ્યાસક્રમ - સેમેસ્ટર દીઠ ચલણ તથા ફી ની રકમ અલગ અલગ જમા કરાવવાની રહેશે.

૮. નિયત સમયમર્યાદા પૂર્ણ થયા બાદ કોલેજ/સંસ્થા દ્વારા કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓને યુનિવર્સિટી કાર્યાલય ખાતે ફોર્મ જમા કરાવવા મોકલવા નહિ, જેની ખાસ નોંધ લેવી.

૯. કોલેજની આંતરિક પરીક્ષા સંસ્થા દ્વારા નિયત સમયમાં પૂર્ણ કરવાની રહેશે.

૧૦. વિદ્યાર્થીઓ દ્વારા ભરાયેલા આવેદનપત્રો જે-તે કોલેજ/સંસ્થા દ્વારા ચાલુ સત્ર તેમજ ત્યારબાદનાં એક સત્ર સુધી સાચવી રાખવાનાં રહેશે.

પરીક્ષા નિયામક

પ્રતિ,

૧. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન આર્ટસ, કોમર્સ, સાયન્સ, લો, એજ્યુકેશન વિદ્યાશાખાના આચાર્યશ્રી/ભવનોના અધ્યક્ષશ્રી/માન્ય અનુસ્નાતક કેન્દ્રોના અધ્યક્ષશ્રીઓ તરફ.

૨. માનનીય કુલપતિશ્રી તથા ઉપકુલપતિશ્રીના અંગત સચિવશ્રી તરફ.

૩. માનનીય કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ.

૪. તમામ વિભાગોના વડાશ્રીઓ / અધ્યક્ષશ્રીઓ તરફ.

૫. ડાયરેક્ટરશ્રી, કોમ્પ્યુટર સેન્ટર તરફ.

૬. પરીક્ષા વિભાગના તમામ અધિકારીશ્રીઓ / કર્મચારીશ્રીઓ તરફ.